BUSINESS મિત્ર

ઈરાન-અમેરિકા તણાવ અને ક્રૂડના ઉછાળા વચ્ચે રોકાણકારોના ૯ લાખ કરોડ સ્વાહા

શેરબજારમાં 'બ્લેક ફ્રાઈડે': સેન્સેક્સમાં ૧૭૦૦ પોઈન્ટનો પ્રચંડ કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 26: અમેરિકાના પ્રસ્તાવને ઈરાને ફગાવી દેતા પરિસ્થિતિ વધુ કથળશે તેવી રોકાણકારોની દહેશત વચ્ચે વૈશ્વિક બજારોની પાછળ ભારતીય શેરબજાર ડહોળાયું હતું અને સેન્સેક્સ 1700 પોઈન્ટ જેટલો તૂટ્યો હતો. આમ છતાં, અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટને 10 દિવસ સુધી કોઈ કાર્યવાહી નહીં કરવાની અમેરિકાએ જાહેરાત કરી છે. જેની પણ બજારમાં કોઈ પોઝિટિવ અસર જોવા મળી નહતી.

ભારતીય શેરબજારમાં આજે બ્લેક ફ્રાઈડે જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1700 પોઈન્ટ તૂટયો હતો, જ્યારે નિફ્ટી 22850 પોઈન્ટની નીચે સરકી જવા પામી હતી. બ્રોડર માર્કેટમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું. આ વચ્ચે અમેરિકાની 10 દિવસ સુધી સૈન્ય કાર્યવાહીને રોકવાની જાહેરાત, ભારત સરકાર દ્વારા પેટ્રોલ-ડિઝલ પરની એકસાઈઝ ડયુટી ઘટાડવાની જાહેરાતની પણ કોઈ અસર જોવા મળી નહતી. આજે શેરબજારના કડાકાના પગલે રોકાણકારોને રૂ. 9 લાખ કરોડ રૂપિયાનું નુકશાન થયું હતું.

વૈશ્વિક નબળા સંકેતો અને ક્રુડના ભાવ હજુય ઉછળી જશે તેવી દહેશત વચ્ચે ડોલર વધુને વધુ મજબૂત થયો હતો, જે 95ની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે રૂપિયો નબળો પડીને ઐતિહાસિક નીચી સપાટી 94.85ના સ્તરે પહોંચી ગયો હતો. હોર્મુઝ સ્ટ્રેટના ફરીથી ખોલવા અંગે સ્પષ્ટતાના અભાવને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ સાવચેત રહ્યું હતુ. બીએસઈ સેન્સેક્સ 1690.23 પોઈન્ટ એટલે કે 2.25 ટકા તૂટીને 73583.22 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74904 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73543 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 486.85 પોઈન્ટ એટલે કે 2.09 ટકા તૂટીને 22850 પોઈન્ટની નીચે 22819.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23186 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22804 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1433.50 પોઈન્ટ એટલે કે 2.67 ટકા તૂટીને 52274.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે બ્રિગ્રેડ એન્ટરપ્રાઈઝમાં 68.87 ગણા, એચઈજી લિ.માં 21.34 ગણા, હિન્દાલ્કો ઈન્ડ. 16.99 ગણા, જિન્દાલ સ્ટીલમાં 11.64 ગણા, ગ્રેફાઈટ ઈન્ડિયામાં 7.76 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે બ્રિગ્રેડ એન્ટરમાં 73.38 ગણા, એચઈજી લિ.માં 47.12 ગણા, ગ્રેફાઈટ ઈન્ડિયામાં 18.6 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડમાં 5.72 ગણા અને ત્રિવેણી ટર્બાઈનમાં 5.56 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ ખરાબ પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 2.18 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.82 ટકા ઘટયા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 831 શેરો ઘટ્યા હતા, જ્યારે 3534 શેરો ઘટયા હતા અને 146 શેરો યથાવત રહ્યા હતા. વૈશ્વિક સ્તરે મીડલ ઈસ્ટની શાંતિ વાટાઘાટોની સ્થિતિ પરના મિશ્ર સંદેશાઓ રહ્યા છે, જેથી રોકાણકારો દ્વિધામાં રહેતા યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે, જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. ટ્રમ્પે ઈરાન પરની ચઢાઈ વધુ 10 દિવસ સુધી મુલતવી રાખવાની જાહેરાતની પણ વૈશ્વિક બજારો ઉપર કોઈ અસર પડી નહતી. આ દરમ્યાન જાન્યુઆરી-ફેબ્રુઆરીના સમયગાળામાં ચીનનો ઔદ્યોગિક નફો એક વર્ષ અગાઉની તુલનામાં 15.2 ટકા વધ્યો છે. જે ડિસેમ્બરમાં 5.3 ટકાના ઉછાળાથી જબરજસ્ત ઉછાળો દર્શાવે છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.68 ટકા, કેક 0.99 ટકા અને ડેક્સ 1.46 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.39 ટકા, તાઈવાન 0.68 ટકા, કોસ્પી 0.40 ટકા અને જકાર્તા 0.94 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.21 ટકા, હેંગસેંગ 0.35 ટકા અને શાંઘાઈ 0.63 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં ૮૯ પૈસાનો મોટો ઘટાડો

રૂપિયો અત્યાર સુધીની સૌથી નીચલી સપાટી 94.85 પર બંધ થયો

મુંબઈ, તા. 27 (પીટીઆઈ): શુક્રવારે ભારતીય રૂપિયામાં 89 પૈસાનો મોટો ઘટાડો નોંધાયો હતો અને તે અમેરિકી ડોલર સામે 94.85ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને વિદેશી રોકાણકારો દ્વારા સતત થઈ રહેલી વેચવાલીને કારણે રૂપિયા પર ભારે દબાણ જોવા મળી રહ્યું છે. બુધવારે રૂપિયો 93.96 પર બંધ રહ્યો હતો, જ્યારે ગુરુવારે રામનવમી નિમિત્તે બજારો બંધ રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ 2.69 ટકા વધીને 110.92 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું છે, જે ભારત માટે આયાત ખર્ચ અને મોંઘવારી વધારવાનું કામ કરી રહ્યું છે.

ફોરેક્સ બજાર

ડોલર	94.81 રૂ.
યુરો	108.97 રૂ.
પાઉન્ડ	126.41 રૂ.
યેન	0.5929 રૂ.

ભારતીય શેરબજાર 'ડાઉનગ્રેડ'

મુંબઇ, તા. 27: છેલ્લા બે દિવસના સતત નફા બાદ આજે ફરી એકવાર રોકાણકારોનું સેન્ટિમેન્ટ લથડાતા વેચવાલી હાવી રહી હતી અને બ્લેક ફ્રાઇડે સાબિત થયો હતો. સેન્સેક્સમાં 1700 પોઇન્ટ અને નિફ્ટીમાં આશરે 500 પોઇન્ટ જેટલો ઘટાડો જોવા મળ્યો હતો, ત્યારે અમેરિકન બ્રોકરેજ કંપની ગોલ્ડમેન સાક્સે ભારતીય શેરબજારને ડાઉનગ્રેડ કરી દીધું છે અને નિફ્ટીમાં 14 ટકાના ક્રેશની સંભાવના વ્યક્ત કરી છે.

કંપનીઓ માટે નવું MAT પ્રાવધાન

1-4-2026 ડોમેસ્ટીક અને ફોરેન કંપનીઓ માટે બહુ જ જાણીતી એવી MAT ક્રેડિટનો અંત કરવામાં આવ્યો છે. જે વર્ષમાં નોર્મલ ટેક્ષ જવાબદારી MAT કરતાં વધારે હોય તો આ તફાવતને MAT ક્રેડિટ કહે છે જે ત્યાર પછીના વર્ષોમાં આગળ ખેંચવામાં આવે છે અને ભવિષ્યમાં નોર્મલ ટેક્ષ MAT જવાબદારીથી વધારે હોય ત્યારે આ ક્રેડિટ સેટ ઓફ માટે કામમાં આવે છે. 15 વર્ષો સુધી આગળ ખેંચવામાં આવે છે. નોર્મ ટેક્ષનો રેઇટ 29.12 ટકા (25 ટકા + 12 ટકા + 4 ટકા) હોય છે પરંતુ આ નોર્મલ આવક સામે SEZ ના કલમ-10AAના કપાતો, વધારાનો ઘસારો- કલમ- 32(I)(iia), રીસર્ચ અને ડેવલપમેન્ટ કપાત-કલમ 35નો કપાતો બાદ મળતા ટેક્ષ ઘણો ઓછો ભરવાનો થાય છે. જ્યારે MAT ટેક્ષ જવાદારી 17 472 (15 ટકા + 12 ટકા + 4 ટકા) થાય છે. શરૂઆતના વર્ષોમાં નોર્મલ ટેક્ષ જવાબદારી કરતાં MAT ટેક્ષ જવાબદારી વધારે હોય તો MAT મુજબ ટેક્ષ ભરવો પડે છે જે કંપનીના બુક-પ્રોફીટ એડજસ્ટમેન્ટ આધારીત નક્કી થાય છે. આમ લગભગ 20 વર્ષો જૂની આ કલમના લાભો નેસ્તનાબૂદ થતાં હવે તા. 1-4-26 થી યાને કે ટેક્ષ વર્ષ 2026-27 થી MAT ક્રેડિટ જમા થશે નહિ અને આગળ ખેંચાશે નહિ.

જૂની અને નવી ટેક્ષ સીસ્ટમ

ઉપર મુજબ જે વાત કરી તે જૂની ટેક્ષ સીસ્ટમની છે જેમાં કપાતો વિગરે બાદ મળે છે અને 31-3-2026ના રોજ જમા MAT ક્રેડિટ હવે મળશે નહિ પરંતુ જે કંપનીઓ નવી ટેક્ષ સીસ્ટમ રૂપાંતરિત થાય છે તેઓને આ જમા (Accumulatew) ક્રેડિટનો લાભ, નોર્મલ ટેક્ષ જવાબદારીના 25 ટકા લેખે જ મળશે અને જે કંપનીઓ ટેક્ષ વર્ષ 2026-27 માં આ વિકલ્પ નહિ સ્વીકારે અને ત્યાર પછીના વર્ષોમાં સ્વીકારે તો તેઓને એ વર્ષથી લાભ મળવાનું શરૂ થાય છે. નાણાંકિય વર્ષ 2011-12 ની ક્રેડિટ ટેક્ષ વર્ષ 26-27 માં (15 વર્ષો) સમાપ્ત થાય છે અને નવા ટેક્ષ સીસ્ટમમાં જે કંપનીઓ રૂપાંતરિત થાય છે અને ઉપરોકત લાભો મેળવતી નથી તેને 25 ટકા લેખે ક્રેડિટ સેટ ઓફ મળશે. ફોરેન કંપનીને નવી ટેક્ષ સીસ્ટમનો લાભ નથી તેથી આ લાભ મળવાપાત્ર નથી વળી ટેક્ષ વર્ષર્ષે 2026-27 થી MAT ની ટેક્ષ

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

જવાબદારી 15 ટકાથી ઘટાડીને 14 ટકા કરવામાં આવી છે.

દાખલો લઇ સમજીએ

ધારો કે એક કંપનીને 31-3-26ની 1 લાખની MAT ક્રેડિટ જમા છે. ટેક્ષ વર્ષ 2026-27 અને 2027-28 માં નોર્મલ ટેક્ષ જવાબદારી 2 લાખ અને 5 લાખ છે. ટેક્ષ જવાબદારીના 25 ટકા લેખે 50 હજાર અને બાકી 50 હજાર એમ બે વર્ષોમાં નોર્મલ ટેક્ષ જવાબદારી સામે સેટ- ઓફ થતા ભરવાપાત્ર ટેક્ષ 1.50 લાખ અને 4.50 લાખ થશે. આમ ટેકનીકલી નવી ટેક્ષ સીસ્ટમમાં 25.17 ટકા ટેક્ષના 25 ટકા સેટ ઓફ મળતા અસરકારક ટેક્ષ 18.78 ટકા રહેશે.

કંપનીઓ શું કરે ?

કંપનીઓએ અસરકારક ટેક્ષનો દર, પ્રોફીટ-કપાત લાભો અને MAT ક્રેડિટ કેટલા વર્ષો શેષ બચી છે. એ બધાની ગણતરી કરીને તે સામે ટેક્ષ ક્રેડિટ સંપૂર્ણ નાબૂદ (Lapse) થાય તથા નવી જમા થાય નહિ એ બધાની સરખામણી કરીને યોગ્ય નિર્ણય લેવો.

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૩૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૯	૫૦/૩૬ ''	૧૪૬	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૦
૩૦/૩૬ એફડી	૨૭૬	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૬	૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૦
૬૮/૩૬	૧૩૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૫	૬૮ ક્રિમ્પ	૧૪૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫	૮૦/૭૨ રોટો	૧૪૧	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૭	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૮	૧૬૦ ડીસ્કેટ	૧૪૭	૮૦/૭૨ રોટો	૧૩૯
૮૦/૩૬ રોટો.	૧૩૯	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૮

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૩૦	કોપરેલ	૫૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૩૦	વનસ્પતિ ઘી	૨૪૫૦
સીંગતેલ (૫ લી)	૯૭૦	સનફ્લાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૫૮૦	તલતેલ	૪૬૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૩૫૦	દિવેલ	૨૪૫૦
કપાસીયા (૫ લિ.)	૮૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૮૫૦૦
તેજાબી સોનું	૧૪૮૪૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૧૧૦૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૫૫૩૦
સોનાનાં બિસ્કીટ	૧૪૮૫૦૦૦
ચાંદી (૯૯૯)	૨૨૯૦૦૦
ચાંદી સિક્કા	૨૩૦૫૦૦

ગુજરાત રાજ્ય, નર્મદા જળસંપત્તી પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઈ-ટેન્ડર નિવિદા નં- ૪૦ સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ નં.૨, "સિંચાઇ ભવન" ત્રીજો માળ, લુર્ડસ કોન્વેન્ટસ્કુલ બસ સ્ટોપ, અઠવાલાઇન્સ,સુરત. ૩૯૫૦૦૭ ફોન નં.૦૨૬૧- ૨૬૬૯૫૯૬ ની કચેરીએથી (બે) ૦૨ કામ માટે "એ" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઇજારદારો પાસેથી શરતોને આધિન ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે.

૧. ઓનલાઈન ટેન્ડર અપલોડ એંડ ડાઉનલોડ કરવાની તારીખ અને સમય	તા. ૨૭-૦૩-૨૦૨૬ થી તા. ૧૦-૦૪-૨૦૨૬ નાં ૧૮.૦૦ કલાક સુધી
૨. સબમીસન ઓફ ટેન્ડર ડોક્યુમેંટસ	તા. ૧૦-૦૪-૨૦૨૬ થી તા. ૨૦-૦૪-૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોષ્ટ એ.ડી/સ્પીડપોષ્ટ/કુરિયર દ્વારા જ સ્વીકરવામાં અવશે.
૩. ઓનલાઈન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ	તા. ૧૩-૦૪-૨૦૨૬ ૧૨.૦૦ કલાક કાર્યપાલક ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ નં.-૨ "સિંચાઇ ભવન" ત્રીજો માળ, લુર્ડસ કોન્વેન્ટસ્કુલ બસ સ્ટોપ, અઠવાલાઇન્સ,સુરત. ૩૯૫૦૦૭ . ફોન નં.- ૦૨૬૧-૨૬૬૯૫૯૬.

આ કામની વિગતવાર નોટિસ આ કચેરીના નોટિસ બોર્ડ ઉપરાંત વેબ સાઇટ https://tender.nprocure.com/.અનેwww.statetenders.gujarat.gov.in ઉપર પણ જોવા મળશે. વધુ માહિતિ માટે કચેરી સમય દરમ્યાન રૂબરૂ કચેરીનો સંપર્ક કરવો.
ક્રમાંકઃ માહિતી-સૂરત/૧૬૯૭/૨૦૨૬

ગુજરાત રાજ્ય, નર્મદા જળસંપત્તી પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઈ-ટેન્ડર નિવિદા નં- ૩૭ સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી ડ્રેનેજ વિભાગ નં.૨, "સિંચાઇ ભવન" ત્રીજો માળ, લુર્ડસ કોન્વેન્ટસ્કુલ બસ સ્ટોપ, અઠવાલાઇન્સ,સુરત. ૩૯૫૦૦૭ ફોન નં.૦૨૬૧- ૨૬૬૯૫૯૬ ની કચેરીએથી (ત્રણ) ૦૩ કામ માટે "સી" અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારો પાસેથી શરતોને આધિન ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે.

૧. ઓનલાઈન ટેન્ડર અપલોડ એંડ ડાઉનલોડ કરવાની તારીખ અને સમય	તા. ૨૭-૦૩-૨૦૨૬ થી તા. ૧૦-૦૪-૨૦૨૬ નાં ૧૮.૦૦ કલાક સુધી
૨. સબમીસન ઓફ ટેન્ડર ડોક્યુમેંટસ	તા. ૧૦-૦૪-૨૦૨૬ થી તા. ૨૦-૦૪-૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોષ્ટ એ.ડી/સ્પીડપોષ્ટ/કુરિયર દ્વારા જ સ્વીકરવામાં અવશે.
૩. ઓનલાઈન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ	તા. ૧૩-૦૪-૨૦૨૬ ૧૨.૦૦ કલાક અધિક્ષક ઈજનેરશ્રી, એમ.ટી.બી. કોલેજની બાજુમાં, સુરત સિંચાઇ વર્તુળ, સુરત .

આ કામની વિગતવાર નોટિસ આ કચેરીના નોટિસ બોર્ડ ઉપરાંત વેબ સાઇટ https://tender.nprocure.com/.અનેwww.statetenders.gujarat.gov.in ઉપર પણ જોવા મળશે. વધુ માહિતિ માટે કચેરી સમય દરમ્યાન રૂબરૂ કચેરીનો સંપર્ક કરવો.
ક્રમાંકઃ માહિતી-સૂરત/૧૬૯૪/૨૦૨૬

RAJHANS®
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત
ખૂંખાર એક્શન...

ધુરંધર-2
૯.૦૦, ૯.૩૦, ૧૨.૨૦, ૧.૨૦, ૧.૫૦, ૪.૪૦, ૫.૪૦, ૬.૧૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm : @applecinemasurat

ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન
૮.૦૦, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૦૦, ૧.૨૫, ૨.૧૫, ૨.૪૫, ૩.૧૫, ૪.૦૦, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૫, ૬.૩૦, ૭.૦૦, ૭.૩૦, રાત્રે ૮.૧૫, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦
Project Hail Mary ૧.૪૦, ૪.૩૦ સાંજે ૭.૩૦

ખૂંખાર એક્શન...

ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન
૧૨.૦૦, ૧૨.૪૦, ૪.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ કરાવવા શું પાકિસ્તાન મધ્યસ્થી કરી રહ્યું છે?

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતને વિશ્વગુરુ બનાવવા મહેનત કરી રહ્યા છે, પણ વર્તમાન ઈરાન યુદ્ધમાં ભારતે લીધેલા અમેરિકાતરફી વલણને કારણે ભારત જગતના ચોકમાં એકલું પડી ગયું છે અને ભારતનો કોઈ ભાવ પણ પૂછતું નથી. બીજી બાજુ ભારતના પડોશી દેશ પાકિસ્તાનની લોકો ઠેકડી ઉડાડતા હતા, પણ તેના ભાવ રાજનીતિની બાબતમાં અચાનક ઊંચકાઈ ગયા છે. યુદ્ધવિરામ માટે ઈરાન અને અમેરિકા વચ્ચે કોઈ વાટાઘાટો થાય તેવી સંભાવના બહુ પાંખી છે, પણ જો વાટાઘાટો થશે તો પાકિસ્તાન તેમાં મધ્યસ્થી કરશે, તેવા નિર્દેશો મળી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને વાટાઘાટો શરૂ કરવા પાંચ દિવસનો સમય આપ્યો હતો, તે પાંચ દિવસની મુદ્દત શુક્રવારે પૂરી થઈ છે, પણ ઈરાન તરફથી કોઈ ઉત્સુકતા બતાડવામાં આવી નથી. દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે તેઓ ઈરાનમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા કોઈ નેતા સાથે ખાનગીમાં વાતચીત કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ નેતાનું નામ આપવાનો ઇનકાર કર્યો છે, પણ તેઓ પાકિસ્તાનની મધ્યસ્થી સાથે પાછલા દરવાજે વાટાઘાટો કરી રહ્યા હોવાનું જણાય છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે મંત્રણા માટે પાકિસ્તાનનું નામ સંભવિત યજમાન તરીકે ઉભરી આવ્યું છે, ત્યારથી ભારતની વિપક્ષી પાર્ટીઓએ મોદી સરકારની વિદેશ નીતિ પર પ્રશ્નો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. વિપક્ષે આને સરકારની રાજદ્વારી હાર ગણાવી છે. કોંગ્રેસ સહિત ઘણા વિરોધ પક્ષો કહે છે કે ભારત તકનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યું અને પાકિસ્તાને આ મામલે આગેવાની લીધી છે. જોકે, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી છેલ્લા કેટલાક દિવસોથી ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે સતત સંપર્કમાં છે અને વિદેશ પ્રધાન એસ. જયશંકર પણ ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીના સંપર્કમાં છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ૨૪ માર્ચે નરેન્દ્ર મોદીને ફોન કર્યો હતો, પરંતુ કેટલાક નિષ્ણાતો પીસ ટોકમાં પાકિસ્તાનના નામના ઉલ્લેખને ભારત માટે ફટકો માની રહ્યા છે. આ બાબતમાં બંધબારણે જરૂર કાંઈક રંધાઈ રહ્યું છે.

છેલ્લા ૭૨ કલાકમાં પાકિસ્તાની નેતાઓએ ઈરાન અને અમેરિકાના રાષ્ટ્રપતિઓ સાથે ફોન પર વાત કરી છે. વ્હાઇટ હાઉસે પુષ્ટિ આપી હતી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પાકિસ્તાનના ફિલ્ડ માર્શલ અસીમ મુનીર વચ્ચે વાતચીત થઈ હતી. બીજી તરફ, વડા પ્રધાન શાહબાઝ શરીફે પણ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે ફોન પર વાત કરી હતી અને વાતચીત અને રાજદ્વારી પ્રયાસો દ્વારા તણાવ ઘટાડવા પર ભાર મૂક્યો. વિશ્લેષકો કહે છે કે પાકિસ્તાનના અમેરિકા અને ઈરાન બંને સાથે ગાઢ સંબંધો છે અને આના કારણે પાકિસ્તાન મજબૂત મધ્યસ્થી બની ગયું છે. ઈરાનમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ રાજદૂત આસિફ દુર્રાની આ મત સાથે સંમત છે. તેમનું કહેવું છે કે ઈરાન અને અમેરિકા બંને પાકિસ્તાન પર વિશ્વાસ કરે છે. આ પ્રદેશના બીજા કયા દેશના ઈરાન સાથે સારા સંબંધો છે? ઈરાનના ગલ્ફ દેશો સાથેના સંબંધો તણાવપૂર્ણ છે. આવી સ્થિતિમાં, ફક્ત પાકિસ્તાન જ વધુ સારો મધ્યસ્થી બની શકે છે. ભારત આ વાટાઘાટોમાં નિષ્પક્ષ મધ્યસ્થી તરીકે કામ કરી શકે નહીં, કારણ કે ઈરાન પર હુમલાના બે દિવસ પહેલાં જ મોદી ઇઝરાયલમાં હતા.

ઈરાનનાં નિવેદનો સ્પષ્ટપણે દર્શાવે છે કે તેને અમેરિકા પ્રત્યેનો અવિશ્વાસ છે, કારણ કે ગયાં વર્ષે જૂન અને ડિસેમ્બરમાં કતાર અને ઓમાનની મધ્યસ્થી હેઠળ ઈરાન સાથે વાટાઘાટો થઈ હતી, પરંતુ બંને વખત ઈરાન પર હુમલાઓને કારણે વાટાઘાટો અટકી ગઈ હતી. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ ઊભો થાય છે કે શું પાકિસ્તાન આ વાતચીતને કોઈ અંતિમ નિષ્કર્ષ પર લઈ જઈ શકશે?

પ્રોફેસર મોહમ્મદ શોએબ કહે છે

ટુ ધ પોઈન્ટ
સમકિત શાહ

કે પાકિસ્તાન આ પ્રક્રિયા કે કોઈપણ કરારની ગેરંટી આપશે નહીં, પરંતુ મધ્યસ્થી તરીકે પક્ષકારો વચ્ચે સંપર્ક વધારશે અને ખાતરી કરશે કે બંને દેશો તેમનાં વચનોનું પાલન કરે. એટલે કે, કોઈપણ ઉલ્લંઘનની સ્થિતિમાં પણ તે મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે. ભૂતપૂર્વ પાકિસ્તાની રાજદ્વારી આસિફ દુર્રાની પણ માને છે કે પાકિસ્તાન કંઈપણ ગેરંટી આપી શકતું નથી. તેના બદલે તે ઈરાન અને અમેરિકાને તેની ધરતી પર વાતચીત દ્વારા વિવાદનો ઉકેલ લાવવાની તક આપી રહ્યું છે. પ્રશ્ન એ પણ ઊભો થાય છે કે મધ્યસ્થી તરીકે પાકિસ્તાન શું પ્રાપ્ત કરવા માંગે છે. વિશ્લેષકો માને છે કે પાડોશી દેશ હોવાને કારણે પાકિસ્તાન પણ ઈરાનમાં યુદ્ધથી પ્રભાવિત થઈ રહ્યું છે અને તણાવમાં ઘટાડો તેને આર્થિક રાહત આપી શકે છે. પાકિસ્તાનના ખાડી દેશો સાથે પણ સારા સંબંધો છે અને સાઉદી અરેબિયા સાથે સંરક્ષણ કરાર છે. આ યુદ્ધની શરૂઆતથી ઈરાને અનેક ખાડી દેશોમાં અમેરિકન લશ્કરી થાણાંઓને નિશાન બનાવ્યા છે. તણાવ ઓછો થવાના કિસ્સામાં અખાતના દેશોની અર્થવ્યવસ્થાઓ પર દબાણ પણ ઘટશે, જ્યાંથી પાકિસ્તાન મહત્તમ વિદેશી હૂંડિયામણ મેળવે છે.

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે મંગળવારે સાંજે X પર પોસ્ટ કર્યું હતું કે પાકિસ્તાન મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને વાતચીત દ્વારા સમાપ્ત કરવાના ચાલી રહેલા પ્રયાસોને સંપૂર્ણ સમર્થન આપે છે, જેથી આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સ્થાપિત થઈ શકે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ